# MEDIA BUZZ

### FGIમાં યુનિ. ઓફ એલેબામાના રિસર્ચ સેન્ટરના પ્રોફેસરનું વક્તવ્ય

# 2030 સુધીમાં 70 ટકા વાહનો ચલાવવા માણસ નહીં જોઈએ

## કંપનીઓએ સોફ્ટવેર કંપનીઓ સાથે ટાઈઅપ શરૂ કર્યું

બિઝનેસરિપોર્ટર | વડોદરા

વર્ષ 2030 સુધીમાં 70% વાહનો ઓટોમેટિક થશે તેમજ ભવિષ્યનો માણસ મગજ બંધ રાખીને કાર ચલાવી શકશે. કાર ભાડે આપતી કંપનીઓ અને ટ્રક માણસ રહિત હશે. આ તરફ પ્રયાણ કરવા માટે ઓટોમેટિક કાર મેન્યૂફેક્ચરિંગનો ઉદય કરવા કાર મેન્યૂફેક્ચરિંગ કંપનીઓએ સોફ્ટવેર બનાવતી સિલિકોન વેલીની કંપનીઓ સાથે ટાઈઅપ શરૂ કર્યું છે, તેમ શુક્રવારે વડોદરા એફજીઆઈ બિલ્ડિંગ ખાતે યોજાયેલા સેમિનારમાં યુનિવર્સિટી ઓફ એલએબામાના રિસર્ચ સેન્ટર ખાતે કાર્યરત પ્રો. બાલા સુબ્રમણ્યન દ્વારા ઉદ્યોગ જગતને સંબોધન કરવામાં આવ્યું હતું.

એફજીઆઈમાં ઉદ્યોગ જગતના અંદાજે 40 જેટલા મહાનુભાવોને તેમણે આગામી ભવિષ્યની વાહન વ્યવહાર ક્ષેત્રની ટેક્નોલોજી અને બદલાવ અંગે માહિતી આપી હતી. તેઓ મર્સિડીઝ ગ્રૂપમાં પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પાંચમા લેવલની સેફ્ટી પર કાર કંપનીઓ કામ કરશે, જેમાં તમામ વાહનો ઓટોમેટિક હશે અને માનવ રહિત વાહનો ચાલશે. આજે રોડ પર ટ્રાફિક હોય ત્યારે ઓટોમેટિક બ્રેક વાગે તેવાં વાહનો બજારમાં છે.

---

### સિટી-ગુજરાત

VADODARA

### ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેક્નોલોજીમાં સિલિકોન વેલી કંપનીઓનું ભારે રોકાણ

# ૨૦૩૦માં ૭૦ ટકા વાહનો સોફ્ટવેર ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ આધારિત હશે

## FGI ખાતે જર્મનીની મર્સિડિઝ કંપનીના પૂર્વ રિસર્ચ હેડ પ્રો. ભરત સુબ્રમણ્યમનું પ્રવચન

| વડોદરા |

આગામી ૨૦૩૦માં વિશ્વના ૭૦ ટકા વાહનો સોફ્ટવેર - ઈલેક્ટ્રોનિક્સ આધારીત હશે. પારંપરિક ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રિઝમાં બેટરી ઈલેક્ટ્રિકલ વાહનો તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમેટેડ વ્હિકલ ટેક્નોલોજીસ ભારે ફેરફાર કરશે તેમ જર્મનીની મર્સિડિઝ કંપનીના પૂર્વ રિસર્ચ હેડ અને અમેરિકાના સેન્ટર ફોર એડવાન્સ વ્હિકલ ટેક્નોલોજીસના પ્રો. ભરત સુબ્રમણ્યમે જણાવ્યું હતું.

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ ખાતે આજે એન્ડ ગેમ સિલિકોન વેલી વર્સિસ ઓટોમોટિવ ઓરિજિનલ ઈક્વિપ્ મેન્યુફેક્ચરર્સ અંગે સ્થાનિક ઉદ્યોગપતિઓ સાથે યોજાયેલા સંવાદમાં તેમણે જણાવ્યું હતુંકે, સિલિકોન વેલીની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ હાલમાં ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેક્નોલોજીસમાં મોટા પ્રમાણમાં રોકાણ કરે છે. ઈનોવેટિવ સોફ્ટવેર સોલ્યુસન્સમાં રોકાણ કરે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મેથડોલોજીના ઉંડા અભ્યાસથી સ્પર્ધાત્મક લાભ વધશે. ૨૦૩૦ સુધીમાં ૭૦ ટકા વાહનો સોફ્ટવેર - ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ આધારિત હશે ત્યારે ઓટો કંપનીઓનું વેચાણ તેમના વાહનની સોફ્ટવેરની ક્ષમતા મુજબનું રહેશે. એન્જિન, ટ્રાન્સમિશન્સ અને હેન્ડલિંગનું મહત્વ ઘટશે. ઉદાહરણ તરીકે તમામ ઈલેક્ટ્રિક પાવર ટ્રેઈન્સ સરખા જ હશે તેના પગલે સોફ્ટવેરના ફિચર્સ અને ઓટોમેટેડ ડ્રાઈવિંગ માટે શું વધુ ઓફર કરે છે તેનો આધાર રહેશે. આગામી સમયના વાહનોમાં સેફટી આધારિત ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમમાં અદ્યતન આઈટી સોલ્યુસન્સ રાખવા પડશે.

ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ એટલે કે વર્તમાન ઓટો કંપનીઓ અને સિલિકોન વેલીની કંપનીઓને નવી ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેક્નોલોજીસ અલગ રજૂ કરવી પડશે. જે તેમના બિઝનેસ સ્ટ્રેટેજીના ભાગ રૂપે હશે. ભવિષ્યમાં ઓટો કંપનીઓને પોતાનું ઉત્પાદન જાળવી રાખવા માટે પણ સિલિકોન વેલીની કંપનીઓ સાથે સહયોગ કરવો પડશે. આ કંપનીઓ ઘણા ક્ષેત્રે પરિવર્તન લાવવું પડશે. પ્રારંભમાં એફજીઆઈના પ્રમુખ અભિષેક ગંગવાલે પ્રો. ભરત સુબ્રમણ્યમના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતના ક્ષેત્રના અનુભવ તેમજ જર્મનીની મર્સિડિઝ કંપનીમાં રિસર્ચ વિભાગમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે જર્મન સિવાયની વ્યક્તિ જો કોઈ નિમણૂંક પામી હોય તો તે પ્રો. ભરત સુબ્રમણ્યમ હતા તેમ જણાવ્યું હતું.

---

### વર્ક ફ્રોમ હોમના બદલે ઓફિસ વર્કને વધુ પ્રાધાન્ય

# શહેરના કોર્પોરેટ સેક્ટરમાં કોન્ફરન્સ, ઈવેન્ટ્સ, સેલિબ્રેશનને વધુ પ્રાધાન્ય

## ટ્રેન્ડને કારણે બિઝનેસ, ટ્રાવેલ્સ અને હૉસ્પિટાલિટી સેક્ટરને ફાયદો

| વડોદરા |

શહેરના કોર્પોરેટ સેકટરમાં હવે બિઝનેસ કોન્ફરન્સ અને ઈવેન્ટ્સ ઉપરાંત અલગ અલગ પ્રકારના સેલિબ્રેશન્સ શરૂ થયા છે. જેના પગલે ઝુમ મિટિંગના બદલે વિવિધ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ એક જ સ્થળે કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. આવી જ રીતે કોરોના સમયમાં ઘણી કંપનીઓ દ્વારા ઈવેન્ટ્સ બંધ રાખવામાં આવી હતી, તે હવે પુનઃ શરૂ થઈ છે.

કોરોના સમયના ૨ વર્ષ સુધી શહેરની વિવિધ નાની મોટી કંપનીઓ દ્વારા બિઝનેસ કોન્ફરન્સ યોજવાનું બંધ કરાયું હતું. હવે દેશ -વિદેશના કોર્પોરેટ પ્રતિનિધિઓને આમંત્રવામાં આવે છે. ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝના પ્રમુખ અભિષેક ગંગવાલે જણાવ્યું હતુંકે, કોરોનાના ૨ વર્ષમાં કોર્પોરેટ સેકટરમાં ઝુમ મિટિંગ યોજાતી હતી. ખર્ચમાં બચતનો મુદ્દો આ મિટિંગમાં જણાવવામાં આવે છે. જોકે વન ટુ વન મિટિંગ હોય કે કોન્ફરન્સ હોય તેની અસર જ અલગ હોય છે. કેટલાક કિસ્સામાં ઝુમ મિટિંગમાં ઘેરથી કામ કરતા અધિકારીઓ પોતાની હાજરી પુરાવી ને પોતાનું કામ કરવા ઉપર પણ ધ્યાન આપતા હોય છે.જોકે કોન્ફરન્સ, ઈવેન્ટમાં વક્તા સારા હોય અને ડેલિગેટની હાજરી હોય તેની અસર ઘણી સાનુકૂળ હોય છે.

ઘણી કંપનીઓએ તેમના કર્મચારીઓને પુનઃ ઓફિસમાંથી કામ કરવા માટે જણાવ્યું છે. ઓફિસ કલ્ચર, ઓફિસ લાઈફ અલગ જ હોય છે. એફજીઆઈમાં દર સપ્તાહે એક કે તેથી વધુ કાર્યક્રમ યોજાતા હોય છે, તેના સારા પરિણામ મળે છે. ખાસ કરીને કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તરીમાં જ મહત્વની બાબતોની ચર્ચા થતી હોય છે.

વીસીસીઆઈ દ્વારા પણ સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે તેમ વીસીસીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું. ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રિઝના સીઈઓ અને એમડી ડો.અજય રાંકાએ જણાવ્યું હતુંકે, કોન્ફરન્સમાં વ્યક્તિગત પરિચય મહત્વનો હોય છે. ઉષ્મા ભર્યા વાતાવરણમાં યોજાતી કોન્ફરન્સના પગલે એક બીજા સાથે પરિચય ઉપરાંત પરસ્પર ભાવ, મિત્રતા થાય છે તેના પરિણામ સારા આવે છે. ઝુમ મિટિંગમાં આવી ઉષ્મા જોવા મળતી નથી.

કોપોરેટ સેકટરમાં બિઝનેસ કોન્ફરન્સ અને ઈવેન્ટ્સ શરૂ થતાં શહેરના હોસ્પિટાલિટી તેમજ બિઝનેસ ટ્રાવેલ સેકટરને પણ ફાયદો થઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

---

### કોર્પોરેટ સેકટરે TDS-TCSનું યોગ્ય પાલન કરવું જરૂરી

# ટેક્સ કાપ્યા બાદ નિયત સમયગાળામાં જમા ન થાય તો પ્રોસિક્યુશન થઈ શકે

## FGI ખાતે સેમિનારમાં વિવિધ કંપનીઓના અધિકારીઓને માર્ગદર્શન

| વડોદરા |

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) દ્વારા છેલ્લા ૨ વર્ષમાં ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ (ટીડીએસ) અને ટેક્સ કલેક્શન એટ સોર્સ (ટીસીએસ)ની જોગવાઈઓમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે ત્યારે કોર્પોરેટ સેકટરે કાયદાનીજોગવાઈઓનું યોગ્ય પાલન કરવું જરૂરી છે, તેમ સી.એ.ધવલ ત્રિવેદીએ જણાવ્યું હતું.

એફજીઆઈ ખાતે ગઈકાલે સેમિનારમાં તેમણે જણાવ્યું હતું કે, સરકારની કર વસૂલવાની નીતિમાં ઘણો ફેરફાર કરાયો છે. જેમાં મુખ્ય ફેરફારમાં ધંધા માટેના સામાનની ખરીદી ઉપર ૦.૧ ટકા લેખે ટીડીએસ (કલમ૧૯૪ક્યુ) હેઠળ વસૂલવા અને વેપાર - વ્યવસાય માટે મળતા ફાયદાઓ ઉપર ૧૦ ટકા લેખે ટીડીએસ ( કલમ૧૯૪ આર) વસૂલવાની જોગવાઈઓ આવી જાય છે.

તેમણે જણાવ્યું હતુંકે, સરકારનો ઉદેશ સારો છે પરંતુ નિયમોનું કરદાતાઓ અને કર અધિકારીઓ દ્વારા ખોટી રીતે અર્થઘટન ન થાય એની સરકારે સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતુંકે, કર મોડો જમા કરાવવા માટે પ્રોસિક્યુશનની શક્યતા રહે છે. જો ટીડીએસ - ટીસીએસનું મૂલ્ય રૂ.૨૫ લાખ થી ઓછું હોય અને ભરવામાં ૬૦ દિવસથી ઓછો વિલંબ થયો હોય તો પ્રોસિક્યુશનમાંથી આવા કેસ બાકાત રાખવામાં આવ્યા છે. જો બંનેમાંથી કોઈ પણ એક શરત પરિપૂર્ણ ન થાય તો પ્રોસિક્યુશનની શક્યતા રહે છે. જેમાં ૩ મહિનાથી ૭ વર્ષ સુધી કેદની જોગવાઈ છે.

એફજીઆઈના પ્રમુખ અભિષેક ગંગવાલે જણાવ્યું હતુંકે, ટીડીએસએ સ્ત્રોત પર કર સંગ્રહમાં વિસ્તરણ કરે છે. આ કર નથી પણ એક જવાબદારી છે.

**Sandesh 27/08/22**